# અમદાવાદ શહેરના મહેરબાન સ્પે.જજ (ઈલેકટ્રીસીટી) સમક્ષ

## સમરી (ઈલેકટ્રીસિટી) કેસ નં.૧૯૪/૨૦૨૬

### આંક–૧ નીચે હુકમ:–

(૧) ફરીયાદી તરફે વિ.વ.શ્રી એસ.જે.ભારડીયા અને સરકારશ્રી તરફે એડી.પી.પી.શ્રીને સાંભળ્યા.

(૨) સદર કામના આરોપીઓ વિરુધ્ધ જી.યુ.વી.એન.એલ. પોલીસ સ્ટેશન, સાબરમતી, અમદાવાદના સેકન્ડ ગુના રજીસ્ટર નં.૧૮૫૧/૨૦૨૪થી ધી ઇન્ડીયન ઇલેકટ્રીસીટી એકટ–૨૦૦૩ની કલમ–૧૩૫(૧)બી, ૧૫૦ મુજબનો ગુનો દાખલ કરવામાં આવેલો. જે અન્વયે તપાસ કરનાર અમલદાર દ્વારા ક્રિ.પ્રો.કોડની કલમ–૧૭૩ મુજબનો અહેવાલ રજુ કરેલ છે અને તેમાં જણાવેલ છે કે, આ કામના આરોપીઓએ ફરીયાદવાળા બિલની રકમ તથા કંપાઉન્ડીંગ ચાર્જની રકમ ભરપાઇ કરી દિધેલ હોય, તેવા સંજોગોમાં આરોપી સામે નોંધાયેલ ગુનાની ઇન્સાફી કાર્યવાહી આગળ ચલાવવાની રહેતી ન હોય, તેથી ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**// હુ ક મ //**

આ કામના આરોપીઓને ધી ઇન્ડીયન ઇલેકટ્રીસીટી એકટની કલમ–૧૫૨ અન્વયે ધી ઇન્ડીયન ઇલેકટ્રીસીટી એકટની કલમ–૧૩૫(૧)બી, ૧૫૦ મુજબના ગુનામાંથી મુકત કરવામાં આવે છે અને તે પ્રમાણે હાલની સમરી મંજુર કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તારીખ ૧૧મી જુલાઇ, ૨૦૨૬ના રોજ, અમદાવાદ મુકામે લોકઅદાલતમાં જાહેર કર્યો.

**(સમીર રતીલાલ સાંગાણી)**
સ્પે.જજ (ઇલેક્ટ્રીસિટી)
સિટી સેશન્સ કોર્ટ, અમદાવાદ શહેર
(યુનિક આઈ.ડી. કોડ નં.જીજે૦૧૦૪૬)

// **Mori** //